# જામનગર મહાનગરપાલિકા

સામાન્ય વહિવટ વિભાગ

જામનગર મહાનગરપાલિકા ખાતેની વહિવટી અને ટેકનીકલ કામગીરીમાં સરળતા અને ખાતાનાં કામની સગવડતા માટે નીચે દર્શાવ્યા મુજબની **૧૧(અગિયાર) માસનાં કરાર આધારીત** જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ભરવા માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧. | અધિક મદદનીશ ઈજનેર (સિવિલ) | ૩૦ |
| ૨. | જુનીયર કલાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર | ૩૦ |

ઉપરોકત ક્રમ નં.–૧ અને ૨ ની જગ્યાઓ માટેની જાહેરાતની વિગતવાર માહિતી જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ **www.mcjamnagar.com** પરથી મેળવી શકાશે. તેમજ આ જાહેરાત માટેનાં ઓનલાઇન અરજી ફોર્મ તા. ૩૦/૦૯/૨૦૨૩ નાં રોજ બપોરે ૧૨ : ૦૦ કલાકથી તા. ૧૪ /૧૦ /૨૦૨૩ સુધી જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર ભરી શકાશે.

કમિશ્નર

જામનગર મહાનગરપાલિકા

# જામનગર મહાનગરપાલિકા

## સામાન્ય વહિવટ વિભાગ

## <u>કોન્ટ્રાકટ બેઈઝ ભરતી જાહેરાત</u>

## જાહેરાત ક્રમાંક : ૦૩ થી ૦૪/૨૦૨૩–૨૪

જામનગર મહાનગરપાલિકા ખાતેની વહિવટી અને ટેકનીકલ કામગીરીની જરૂરીયાતને ધ્યાને લઇ નીચે મુજબની જગ્યાઓ **૧૧(અગિયાર) માસનાં કરાર આધારીત** તદ્દન હંગામી ધોરણે કોઇ પણ જાતનાં હક્ક–હિસ્સા વગર ભરવા માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. જે માટે લાયકાત ધરાવતા ઉમેદવારો જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ **www.mcjamnagar.com** પર ઓનલાઇન અરજી ફોર્મ ભરી શકશે. તેમજ આ જાહેરાત માટેનાં ઓનલાઇન અરજી ફોર્મ તા.૩૦/૦૯/૨૦૨૩ નાં રોજ બપોરે ૧૨ : ૦૦ કલાકથી તા.૧૪/૧૦/૨૦૨૩ સુધી માત્ર જામનગર મહાનગરપાલિકાની વેબસાઇટ ઉપર ભરી શકાશે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | શૈક્ષણિક લાયકાત | માસીક ફિકસ પગાર |
|---|---|---|---|---|
| ૧. | અધિક મદદનીશ ઈજનેર (સિવિલ) | ૩૦ | ૧. માન્ય યુનિવર્સિટીમાંથી બી.ટેક. અથવા બેચલર ઓફ સિવિલ એન્જિનિયરીંગ અથવા ડિપ્લોમા ઈન સિવિલ એન્જિનિયરીંગ પાસ<br>૨. સરકારશ્રી દ્વારા નિયત કરાયેલ કોમ્પ્યુટરનું પૂરતું નોલેજ ધરાવતા હોવા જોઇએ.<br>૪. ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાનાં જાણકાર | રૂા.૧૭,૦૦૦/– |
| ૨. | જુનીયર કલાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર | ૩૦ | ૧. માન્ય યુનિવર્સિટીનાં કોઇ પણ ગ્રેજયુએટ.<br>૨. અંગ્રેજી / ગુજરાતી ડેટાએન્ટ્રી વર્ક માટે કોમ્પ્યુટર ટાઈપીંગની ચોકસાઈપૂર્વક ૫૦૦૦ કી ડીપ્રેશન પ્રતિ કલાક – ૧૭ શબ્દ પ્રતિ મીનીટ સ્પીડ ધરાવતા હોવા જોઈએ (સ્પીડ વીથ એકયુરેસી)<br>૩. ગુજરાત સિવિલ સર્વિસ કલાસીફિકેશન એન્ડ રીક્રુટમેન્ટ (જનરલ) રૂલ્સ–૧૯૬૭ માં દર્શાવેલ અને વખતો વખતનાં સુધારા મુજબનું કોમ્પ્યુટર એપ્લીકેશનનું બેઝીક જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.<br>૪. ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાનાં જાણકાર | રૂા. ૧૫,૫૦૦/– |

**<u>વયમર્યાદા :–</u>**

(૧) ઉપરોકત જાહેરાતનાં ક્રમ નં.–૧ અને ૨ ની જગ્યાઓ માટેની વયમર્યાદા ઓછામાં ઓછી ૧૮ વર્ષ અને વધુમાં વધુ ૩૩ વર્ષની રહેશે.

(૨) તમામ ઉમેદવારનાં કિસ્સામાં વયમર્યાદા માટે અરજી કરવાની અંતિમ તારીખને ધ્યાને લેવામાં આવશે. વયમર્યાદા સબંધમાં અરજી કરવાની અંતિમ તારીખ કટ ઓફ ડેટ ગણવાની રહેશે.

(૩) ઉપરોકત જાહેરાતનાં ક્રમ નં.–૧ અને ૨ ની જગ્યાઓનાં કિસ્સામાં કોઇ પણ સંજોગોમાં ઉમેદવારની ઉમર ૩૩ વર્ષથી વધુ હોવી જોઈએ નહી.

- **પસંદગી પ્રક્રિયા :–**

➢ **અધિક મદદનીશ ઈજનેર (સિવિલ) : ૦૩/૨૦૨૩–૨૪**

(૧) અધિક મદદનીશ ઈજનેર (સિવિલ)ની જગ્યા માટેની પસંદગી પ્રક્રિયા મેરીટ આધારીત રહેશે. જેનાં માર્કસની ગણતરી નીચે મુજબની વિગતે કેસ–એ તથા કેસ–બી પૈકી લગત કોઇ પણ એક કેસ મુજબ જ કરવામાં આવશે. એટલે કે, જો કોઇ ઉમેદવારે ધો.–૧૨ પણ પાસ કરેલ હશે અને ડિપ્લોમા પણ કરેલ હશે તો તેવા કિસ્સામાં ધો.–૧૨ અને ડિપ્લોમા બંનેમાંથી જેમાં વધુ ટકાવારી હશે તે કેસ પ્રમાણે મેરીટ બનાવવામાં આવશે.

| ક્રમ | શૈક્ષણિક લાયકાત / અનુભવ | કેસ–'એ' માં મળવાપાત્ર માર્કસ | કેસ–'બી' માં મળવાપાત્ર માર્કસ |
|---|---|---|---|
| ૧. | ધોરણ – ૧૦ ની ટકાવારીનાં | ૧૫% | ૧૫% |
| ૨. | ધોરણ – ૧૨ ની ટકાવારીનાં | ૧૫% | – |
| ૩. | ડીપ્લોમા ઈન સિવિલ એન્જિનિયરીંગની ટકાવારીનાં | – | ૫૫% |
| ૪. | ડીપ્લોમા–ટુ–ડીગ્રી સિવિલ એન્જિનિયરીંગની ટકાવારીનાં | – | ૧૦% |
| ૫. | ડાયરેકટ બી.ઈ. સિવિલ (બેચલર ઓફ સિવિલ એન્જિ.) કરેલ હોય તેની ટકાવારીનાં | ૫૦% | – |
| ૬. | માસ્ટર ડીગ્રી ઈન સિવિલ એન્જિનિયરીંગની ટકાવારીનાં | ૧૦% | ૧૦% |
| ૭. | આ જગ્યાનો મેળવેલ અનુભવનાં<br>(એક વર્ષ ના ૨% લેખે વધુ માં વધુ ૫ વર્ષનાં ૧૦% ) | ૧૦% | ૧૦% |
| | **કુલ** | **૧૦૦%** | **૧૦૦%** |

(૨) ઉપરોકત જગ્યા માટેની શૈક્ષણિક લાયકાત (ધો.–૧૦/૧૨ અને જગ્યાને લગત સ્નાતક)નાં માર્કસની ટકાવારીમાં જે ઉમેદવારોએ પ્રથમ પ્રયાસે લાયકાત મેળવેલ નહી હોય તે ઉમેદવારોનાં દર પ્રયાસ દીઠ ૩% માર્કસ કુલ માર્કસમાંથી કપાત કરવામાં આવશે.

(૩) ઉપરોકત જાહેરાતનાં ક્રમ નં.–૧ અને ૨ ની જગ્યાઓ માટેની શૈક્ષણિક લાયકાત ધો.–૧૦/૧૨ અને જગ્યાને લગત સ્નાતક બંનેમાંથી કોઇ પણ અભ્યાસ દરમ્યાન જો ઉમેદવાર દ્વારા કુલ મળીને ૩(ત્રણ) કે ૩(ત્રણ) થી વધારે પ્રયત્ન હશે તો આ જાહેરાતની જગ્યા માટે પસંદગીને પાત્ર ગણાશે નહી.

(૪) ઉમેદવારોનાં સરખા માર્કસનાં કિસ્સામાં જન્મ તારીખને આધારે અગ્રતા ક્રમ નક્કી કરવામાં આવશે.

(૫) ભરતી માટેની ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા જામનગર મહાનગરપાલિકાની સ્ટાફ સિલેકશન કમિટી દ્વારા હાથ ધરવામાં આવશે.

(૬) ઉપરોકત જગ્યાઓ માટે નિયત સમય અને તારીખમાં ભરેલ અરજી ફોર્મ અને જાહેરાતમાં દર્શાવેલ તમામ લાયકાતનાં ધોરણો પરીપૂર્ણ થતાં હશે તેવા ઉમેદવારોને જ મેરીટને આધારે રૂબરૂ ડોકયુમેન્ટ વેરીફિકેશન માટે બોલાવવામાં આવશે.

(૭) મેરીટ તૈયાર થયા બાદ કુલ જગ્યાનાં ૩ ગણા ઉમેદવારોને ડોકયુમેન્ટ વેરીફિકેશન માટે બોલાવવામાં આવશે.

(૮) ડોકયુમેન્ટ વેરીફિકેશન કર્યા બાદ, તમામ ડોકયુમેન્ટ, પ્રમાણપત્રની ખરાઇ, તપાસ કર્યા બાદ જ મેરીટમાં અગ્રતા ક્રમ ધરાવનાર ઉમેદવારોની નિમણૂક યાદી અને પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે.

➢ **જુનીયર કલાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર : ૦૪/૨૦૨૩–૨૪**

(૧) જુનીયર કલાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટરની જગ્યા માટેની પસંદગી પ્રક્રિયા મેરીટ આધારીત રહેશે. જેનાં માર્કસની ગણતરી નીચે મુજબની વિગતે કરવામાં આવશે.

| ક્રમ | શૈક્ષણિક લાયકાત / અનુભવ | મળવાપાત્ર માર્કસ |
|---|---|---|
| ૧. | ધોરણ – ૧૦ ની ટકાવારીનાં | ૧૫% |
| ૨. | ધોરણ – ૧૨ / ધો.–૧૨ સમકક્ષની ટકાવારીનાં | ૧૫% |
| ૩. | કોઇ પણ વિદ્યાશાખાનાં સ્નાતક (ગ્રેજયુએટ) ની ટકાવારીનાં | ૩૦% |
| ૪. | જુનીયર કલાર્કની જગ્યાનાં અનુભવનાં<br>(એક વર્ષ ના ૨% લેખે વધુ માં વધુ ૫ વર્ષનાં ૧૦% ) | ૧૦% |
| ૫. | સી.પી.ટી. (કોમ્પ્યુટર પ્રોફિશીયન્સી ટેસ્ટ) (પ્રેકટીકલ પરીક્ષા)નાં | ૩૦% |
| | કુલ | ૧૦૦% |

(૨) ઉપરોકત જગ્યા માટેની શૈક્ષણિક લાયકાત (ધો.–૧૦/૧૨ અને જગ્યાને લગત સ્નાતક)નાં માર્કસની ટકાવારીમાં જે ઉમેદવારોએ પ્રથમ પ્રયાસે લાયકાત મેળવેલ નહી હોય તે ઉમેદવારોનાં દર પ્રયાસ દીઠ ૩% માર્કસ કુલ માર્કસમાંથી કપાત કરવામાં આવશે.

(૩) જો ઉમેદવાર ધો.–૧૨ ને સમકક્ષ અભ્યાસ અરજી ફોર્મમાં દર્શાવે છે તો ઉમેદવાર સરકારશ્રીનું ધો.–૧૨ ને સમકક્ષ કોર્ષનું માન્યતાનું પ્રમાણપત્ર (ઈકવીવેલેન્ટ સર્ટીફિકેટ) ધરાવતા હોવા જોઇએ તેમજ જામનગર મહાનગરપાલિકા દ્વારા માંગવામાં આવ્યેથી રજુ કરવું ફરજીયાત રહેશે.

(૪) ઉપરોકત જગ્યા માટેની શૈક્ષણિક લાયકાત ધો.–૧૦/૧૨ અને જગ્યાને લગત સ્નાતક બંનેમાંથી કોઇ પણ અભ્યાસ દરમ્યાન જો ઉમેદવાર દ્વારા કુલ મળીને ૩(ત્રણ) કે ૩(ત્રણ) થી વધારે પ્રયત્ન હશે તો આ જાહેરાતની જગ્યા માટે પસંદગીને પાત્ર ગણાશે નહી.

(૫) ઉમેદવારોનાં સરખા માર્કસનાં કિસ્સામાં જન્મ તારીખને આધારે અગ્રતા ક્રમ નક્કી કરવામાં આવશે.

(૬) પસંદગી પ્રક્રિયા જામનગર મહાનગરપાલિકાની સ્ટાફ સિલેકશન કમિટી દ્વારા હાથ ધરવામાં આવશે.

(૭) ઉપરોકત જાહેરાતનાં ક્રમ નં.–૧ અને ૨ ની જગ્યાઓનાં કિસ્સામાં નિયત સમય અને તારીખમાં ભરેલ અરજી ફોર્મ અને જાહેરાતમાં દર્શાવેલ તમામ લાયકાતનાં ધોરણો પરીપૂર્ણ થતાં હશે તેવા ઉમેદવારોને જ મેરીટને આધારે રૂબરૂ ડોકયુમેન્ટ વેરીફિકેશન માટે બોલાવવામાં આવશે.

(૮) ઉપરોકત જગ્યા માટે ઉમેદવારો દ્વારા ભરવામાં આવેલ ઓનલાઇન અરજી ફોર્મની વિગતોને આધારે સૌપ્રથમ ટેન્ટેટીવ મેરીટ લીસ્ટ તૈયાર કરવામાં આવશે. તેમજ આ ટેન્ટેટીવ મેરીટ લીસ્ટમાં પસંદગી પામેલ કુલ જગ્યાનાં ૪ ગણા ઉમેદવારોને ફિઝીકલ ડોકયુમેન્ટ વેરીફિકેશન માટે બોલાવવામાં આવશે.

(૯) માત્ર ટેન્ટેટીવ મેરીટ લીસ્ટમાં સમાવેશ થયેથી આ જગ્યા માટે તમામ લાયકાત સંતોષે છે તેવું માની શકાશે નહી કે તેઓ જગ્યાની નિમણૂક માટે દાવેદારી નોંધાવી શકશે નહી.

(૧૦) ફિઝીકલ ડોકયુમેન્ટ વેરીફિકેશનમાં પ્રમાણપત્રો / ડોકયુમેન્ટની ખરાઇ / ચકાસણી કર્યા બાદ જ જે ઉમેદવારો માંગ્યા મુજબની લાયકાત ધરાવતા હશે માત્ર તે ઉમેદવારોમાંથી જ કુલ જગ્યાના ૩(ત્રણ) ગણા ઉમેદવારોને સી.પી.ટી. એટલે કે, કોમ્પ્યુટર પ્રોફિશીયન્સી ટેસ્ટની પ્રેકટીકલ પરીક્ષા માટે રૂબરૂ બોલાવવામાં આવશે.

(૧૧) કોમ્પ્યુટર પ્રોફિશીયન્સી ટેસ્ટની પ્રેકટીકલ પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરેલ ઉમેદવારોનું એક ફાઇનલ મેરીટ તૈયાર કરવામાં આવશે. જે ફાઇનલ મેરીટ ક્રમ નં.–(૧) માં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત, અનુભવ અને કોમ્પ્યુટર પ્રોફિશીયન્સી ટેસ્ટની પ્રેકટીકલ પરીક્ષાનાં મેરીટનો સરવાળો કરીને ફાઇનલ મેરીટ લીસ્ટ તૈયાર કરવામાં આવશે.

(૧૨) ફાઇનલ મેરીટ લીસ્ટમાં અગ્રતા ક્રમ ધરાવનાર ઉમેદવારોની નિમણૂક યાદી અને પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે.

## –: ઉમેદવારો માટે અગત્યની સૂચનાઓ :–

(૧) ઉપરોક્ત લાયકાત ધરાવનાર ઉમેદવારોએ જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ **www.mcjamnagar.com** ઉપર તા. ૩૦ /૦૯ /૨૦૨૩ નાં રોજ બપોરે ૧૨ : ૦૦ કલાકથી તા. ૧૪ / ૧૦ /૨૦૨૩ નાં રોજ રાત્રે ૨૩ : ૫૯ કલાક સુધીમાં નિયત ઓનલાઈન ફોર્મની વિગતો ભરવાની રહેશે.

(૨) ઉપરોક્ત જાહેરાત ક્રમાંક : ૦૩ અને ૦૪/૨૦૨૩–૨૪ માટે કોમ્પ્યુટરનું બેઝીક નોલેજ (સી.સી.સી.) માટે સરકાર માન્ય સંસ્થાનું સી.સી.સી. પાસ કર્યાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. તેમજ જે ઉમેદવારે ધો.–૧૦, ધો.–૧૨ અથવા સ્નાતકનાં અભ્યાસમાં જો કોમ્પ્યુટર વિષય તરીકે હોય તેવા ઉમેદવારોએ સી.સી.સી. પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે નહી.

(૩) ઉપરોક્ત જાહેરાત ક્રમાંક : ૦૩ અને ૦૪/૨૦૨૩–૨૪ માટેનાં અનુભવનાં કિસ્સામાં જે–તે જગ્યાને લગત સરકારી / અર્ધ–સરકારી / સ્થાનિક સ્વરાજય / ખાનગી સંસ્થાઓનું જ અનુભવનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે અને જાહેરાતની લગત જગ્યાનો જ અનુભવ માન્ય ગણાશે.

(૪) ઉક્ત દર્શાવેલ તારીખ અને સમય પછી કોઇ પણ પ્રકારે કરવામાં આવેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહી કે સ્વીકારવામાં આવશે નહિ.

(૫) ટપાલ કે કુરીયર દ્વારા કોઈ અરજી પત્રક મોકલવા નહિ. માત્ર જામનગર મહાનગરપાલિકાની અધિકૃત વેબસાઇટ ઉપર ભરવામાં આવેલ ઓનલાઇન ફોર્મને જ ધ્યાને લેવામાં આવશે.

(૬) અધૂરી – ખોટી માહિતી ભરનારના અરજી ફોર્મ રદ થશે.

(૭) ઉમેદવારે જામનગર મહાનગરપાલિકીન વેબસાઇટ ઉપર માત્ર ઓનલાઇન અરજી ફોર્મ જ ભરવાનું રહેશે. તેનાં સિવાય અન્ય કોઈ દસ્તાવેજ કે પ્રમાણપત્ર સાથે જોડવાનાં રહેશે નહિ.

(૮) ત્યારબાદ ઉમેદવારો દ્વારા ભરવામાં આવેલ ઓનલાઇન અરજી ફોર્મની સ્ક્રુટીની કર્યા બાદ મેરીટ તૈયાર કરવામાં આવશે અને મેરીટમાં આવતા ઉમેદવારોને જામનગર મહાનગરપાલિકા ખાતે ફિઝીકલ ડોકયુમેન્ટ વેરીફિકેશન માટે બોલાવવામાં આવશે.

(૯) ઉમેદવારે જયારે જામનગર મહાનગરપાલિકા તરફથી ડોકયુમેન્ટ વેરીફિકેશન માટે પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે તેણે ઓનલાઇન અરજી ફોર્મમાં તેનાં દ્વારા દર્શાવેલ માહિતી, શૈક્ષણિક લાયકાત વગેરેનાં ડોકયુમેન્ટ, પ્રમાણપત્રો, આધાર–પુરાવાઓ અસલમાં અને નકલ બંનેમાં રજુ કરવાનાં રહેશે.

(૧૦) ઉમેદવારે રજુ કરેલ પ્રમાણપત્ર ખોટા નિવડે તો નિમણૂક રદ થવા પામશે તેમજ ઉમેદવાર વિરૂધ્ધ કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.

(૧૧) ઉમેદવારની નિમણૂક શૈક્ષણિક લાયકાત અને અનુભવ સબંધી આપેલ વિગતો આધારે આપવામાં આવેલ છે. શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો, જન્મ / શાળા છોડયાનું પ્રમાણપત્ર તેમજ જાતિ અંગેનાં પ્રમાણપત્રો વિગેરેમાં જણાવેલ માહિતી ક્ષતિયુકત કે ખોટી જણાયેથી નિમણુંક રદ કરવામાં આવશે અથવા સેવા સમાપ્ત કરવામાં આવશે.

(૧૨) ઉમેદવારને માત્ર ડોકયુમેન્ટ વેરીફિકેશનમાં બોલાવ્યેથી જ તેઓ જગ્યા માટે તમામ લાયકાત સંતોષે છે તેવું માની શકાશે નહી કે તેઓ જગ્યાની નિમણૂક માટે દાવેદારી નોંધાવી શકશે નહી.

(૧૩) કોઇ પણ ઉમેદવાર જો એક કરતાં વધારે ઓનલાઇન અરજી ફોર્મ ભરશે તો તેમની અરજી રદ કરવા અંગેનો આખરી નિર્ણય જામનગર મહાનગરપાલિકાનાં સક્ષમ સત્તાધિકારીશ્રીનો રહેશે.

(૧૪) જામનગર મહાનગરપાલિકા દ્વારા નિયત કરાયેલ સ્થળ, સમય અને તારીખે ઉમેદવારે ડોકયુમેન્ટ વેરીફિકેશન માટે પોતાનાં સ્વખર્ચે હાજર થવાનું રહેશે.

(૧૫) પસંદગી પામેલ ઉમેદવારને નિયત માસિક ફિકસ પગાર ઉપરાંત કોઈપણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહી.

(૧૬) જન્મ તારીખનાં આધાર–પુરાવા માટે ધો.–૧૦(એસ.એસ.સી.)નું પ્રમાણપત્ર (ધોરણ–૧૦ ની માર્કશીટ અથવા ક્રેડીટ સર્ટીફિકેટ બેમાંથી એક કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય અથવા જન્મ તારીખનો દાખલો કે શાળા છોડયાનું પ્રમાણપત્ર ઉમરનાં આધાર–પુરાવા માટે માન્ય ગણવામાં આવશે.

(૧૭) ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને આ વિગતોને આધારે જ ડોકયુમેન્ટ વેરીફિકેશન અને મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો અને રજુ કરેલ પ્રમાણપત્ર ખોટા નિવડે તો નિમણૂક રદ થવા પામશે તેમજ ઉમેદવાર વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૧૮) ઉમેદવાર ઓનલાઇન અરજી ફોર્મમાં જે ફોટો અપલોડ કરે તેની પાસપોર્ટ સાઇઝનાં ફોટાની એક કરતા વધુ કોપી પોતાની પાસે રાખવાની રહેશે અને જામનગર મહાનગરપાલિકા માંગે ત્યારે તેવો જ ફોટો રજુ કરવાનો રહેશે.

(૧૯) ઉમેદવાર ઓનલાઇન અરજી ફોર્મમાં જે મોબાઇલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં આ ભરતીને લગત સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબર ઉપર જ મોકલવામાં આવશે. જેથી દર્શાવેલ મોબાઇલ નંબર બદલવો નહી. સાચો મોબાઇલ નંબર દર્શાવેલ ન હોય અથવા અન્ય કોઇ કારણસર ઉમેદવારને સંદેશ ન પહોંચે તે અંગે ભવિષ્યમાં ઉપસ્થિત થનાર પરિસ્થિતિ માટે જામનગર મહાનગરપાલિકા જવાબદાર ગણાશે નહી.

(૨૦) આ જાહેરાત કોઇ પણ પ્રકારે કે કોઇ પણ કારણોસર રદ્દ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થાય તો તે કરવાનો જામનગર મહાનગરપાલિકાને સંપૂર્ણ હક્ક અને અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા માટે જામનગર મહાનગરપાલિકા બંધાયેલ રહેશે નહી.

(૨૧) ભરતી પ્રક્રિયા અન્વયેની તમામ જાણકારી માટે જામનગર મહાનગરપાલિકાની વેબસાઇટ સમયસર ચેક કરતાં રહેવાની ઉમેદવારોને ભલામણ છે.

(૨૨) ઉમેદવારોને ડોકયુમેન્ટ વેરીફિકેશનમાં બોલાવવા કે ન બોલાવવા તેમજ પસંદ કરવા કે ન કરવા તે બાબતેનાં તમામ અધિકાર સક્ષમ સત્તાધિકારીશ્રીને અબાધિત રહેશે. વિશેષમાં ડોકયુમેન્ટ વેરીફિકેશન માટે ન બોલાવવામાં આવેલ ઉમેદવારોને અલગથી કોઇ પણ પ્રકારે પત્ર વ્યવહાર કે જાણ કરવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.

(૨૩) જો ખોટા / બનાવટી ડોકયુમેન્ટ, આધાર–પુરાવાઓ રજુ કરીને નિમણૂક મેળવેલ હશે તેની જાણ થયેથી તાકીદની અસરથી કોઇ પણ પ્રકારની જાણ કર્યા વગર કે નોટીસ પાઠવ્યા વગર નિમણૂક રદ્દ કરવામાં આવશે.

(૨૪) ઉમેદવારો દ્વારા જાહેરાત સબંધે કોઇ પણ પ્રકારની રજુઆત હોય તો જાહેરાત પ્રસિધ્ધ થયેથી ૦૫ (પાંચ) દિવસમાં લેખિત અરજીથી જાણ કરવાની રહેશે.

(૨૫) મેરીટમાં આવતાં ઉમેદવારોને જયારે પ્રમાણપત્ર ચકાસણી માટે રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવે ત્યારે શૈક્ષણિક લાયકાત, એટેમ્પ્ટ સર્ટી (પાસ કરેલ પ્રયાસ)ના સર્ટી., ઉંમર તથા અનુભવના પ્રમાણપત્રો ઓરીજનલ બતાવવાના રહેશે તેમજ પ્રમાણપત્રોનો એક ઝેરોક્ષ સેટ સેલ્ફ એટેસ્ટેડ કરી રજુ કરવાનો રહેશે.

(૨૬) જાહેરાત સબંધી પૂછપરછ માટે સામાન્ય વહિવટ વિભાગ, ૨ જો માળ, મુખ્ય વહિવટી ભવન, જયુબીલી ગાર્ડન, લાલ બંગ્લા સર્કલ, જામનગર મહાનગરપાલિકા ખાતે રૂબરૂ અથવા ટેલીફોન નંબર – ૦૨૮૮ – ૨૫૫૦૨૩૧ થી ૨૩૫ (એકસ્ટે. નં.–૨૦૫ અને ૨૦૭) ઉપર સવારે ૧૧ : ૦૦ કલાકથી ૦૧ : ૦૦ કલાક સુધી અને બપોરે ૦૩ : ૦૦ કલાકથી સાંજે ૦૫ : ૦૦ કલાક સુધી પૂછપરછ કરી શકાશે.

તારીખઃ– ૧૪ /૦૮/૨૦૨૩
જામનગર.

કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા